હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના જુગાર પર જી.એસ.ટીની જોગવાઇ નથી... તમે ડાયરેક્ટ રેડ પાડી પૈસા લઇ લો...!!!

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પાટનગરને ફરી હરિયાળું બનાવવા હર ઘર વૃક્ષારોપણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ફોરમના વાવોલ ખાતે રહેતા સભ્ય પ્રવિણસિંહ વાઘેલા દ્વારા તેમની હરિનગર સોસાયટીના પ્રમુખ કચરાજી ગોલ ભાજપના વોર્ડ નં.૭ના ઉપાધ્યક્ષ તેમજ મહાનગર લઘુમતી મોર્ચાના પ્રમુખ યુસુફભાઈ શેખ અને વોર્ડ નં.૭ના ભાજપ બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ ચીનુભાઈ મંડલી સાથે મળીને હરિનગર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સે.૨૪ રંગમંચ યોગ ક્લાસમાં વૈદિક હવન યોજાયો

અત્યારે પરંપરાગત રીતે સ્વાસ્થ્ય જાળવણી પ્રત્યે જનજાગૃતિ વધતી જઇ રહી છે અને વધુને વધુ નાગરિકો યોગ-પ્રાણાયામ તેમજ વૈદિક હોમ-હવન તરફ વળી રહ્યાં છે. સેક્ટર-૨૪ના રંગમંચ ખાતે દરરોજ સવારે ચાલી રહેલા યોગ ક્લાસમાં આજે વૈદિક હવન પૂજા વિધિ યોજવામાં આવી હતી. આ હવન યોગ ક્લાસના નિયમિત યોગાર્થી રશ્મિકાબેનના સુપુત્ર કાર્તિકના જન્મદિવસ પ્રસંગે યોજવામાં આવ્યાં હતાં જેમાં યોગ ટ્રેનર મનોજભાઇના પુત્ર આકાશ જે અત્યારે અકસ્માતને કારણે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે તેમને સારા સ્વાસ્થ્ય અને ઝડપી રીકવરી માટે પ્રાર્થના વ્યકત કરવામાં આવી હતી. વૈદિક હવનના સમાપને તમામ યોગાર્થીઓએ ખીચું પ્રસાદનો લાભ લીધો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેક્ટર-૨૦ ખાતે બાલ પ્રતિભા શોધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોએ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સેકટર-૨૪ ખાતે પાર્લરમાં આગ ભભુકી ઉઠી

ગાંધીનગર, તા.૭

પાટનગરના સેકટર-૨૪ ડબલ ડેકરના મકાન નીચે આવેલા પાર્લરમાં આજે બપોરના સમયે અચાનક આગ ભભુકી ઉઠી હતી. પાર્લરમાં આગ લાગતા મકાનમાં રહેતા સ્થાનિક નાગરીકોના જીવ પડીકે બંધાયા હતા.જયારે દુકાનમાં રાખેલા ફટાકડા ફુટતા દુરદુર સુધી વસાહતીઓ ડરી ગયા હતા. દુકાનમાં લાગેલી આગ બુઝાવવા માટે વસાહતીઓ ડોલ ભરીને પાણી છાંટી રહ્યા હતા. ફાયર બિગ્રેડને કોલ મળતા જ ફાયર જવાનો પહોંચી જઈને પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ સ્થિત ડબલ ડેકર વિસ્તારમાં મકાન નીચે આવેલા સધી પાર્લર ખાતે બપોરના સમયે અચાનક આગ લાગી હતી. આગ લાગતા દુકાનમાંથી વેપારી બહાર આવી ગયા હતા. જો કે ગણતરીની મીનીટોમાં દુકાનમાંથી ફટાકડા ફુટવાનું શરુ થતા મોટીસંખ્યામાં વસાહતીઓ દોડી આવ્યા હતા. પાણીની ડોલ ભરીને વસાહતીઓ આગ પર કાબુ

મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પરંતુ આગ કાબુમાં આવી રહી ન હતી. પાર્લરમાં જીવન જરુરી ચીજવસ્તુઓ હોવાથી અને ફટાકડા ફુટવાથી આગે વિકરાળ સ્વરુપ ધારણ કર્યું હતું. દુકાનમાં લાગેલી આગના ધુમાડાના ગોટા દુરદુર સુધી જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતા ફાયર ઓફિસર કે.જે.ગઢવીની ટીમના જવાનો તાત્કાલીક સ્થળ પર પહોંચી જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ પર કાબુ મેળવી લેતા વસાહીતઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

ડભોડા, બોરીજ અને મોટી આદરજ સહિત ૧૭ થી વધુ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં શ્રાવણી જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. લાઈટના અજવાળે કે ખુલ્લી જગ્યામાં એકાંત મળતા જ જુગારીઓ બાંજી માંડીને બેસી જતા હોય છે. ત્યારે જુગારીઓને પકડી પાડવા માટે પણ પોલીસ ઠેરઠેર દોડી દરોડા પાડી રહી છે. જયારે પોલીસે ડભોડા, બોરીજ અને મોટી આદરજ ગામે દરોડા પાડી જુગાર રમી રહેલા ૧૭ જુગારીઓને રૂ.૬૧,૫૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામની જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા. તે સમયે ડભોડા બુટાકીયા ગામે આવતા પોલીસને બાતમી મળી હતી કે ડભોડા ગામની સીમમાં કનુજી આતાજી સોલંકીના ખેતરમાં રહેણાંક મકાનની આગળ ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે ધમધમતા જુગાર ધામ પર પોલીસે રેઈડ પાડી હતી. પોલીસે રેઈડ પાડતા જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. ત્યારે પોલીસે તમામ ૯ જુગારીઓને પકડી પાડયા હતા. પોલીસને દાવ પરથી રોકડ રૂ.૨૩૪૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૨૯,૯૩૦ અને ૫ મોબાઈલ રૂ.૧૭.૫૦૦ મળી કુલ રૂ.૪૯,૭૭૦ નો મુદ્દમાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી હતી.

જયારે બીજીતરફ ગાંધીનગરમાં સમાવેશ બોરીજ ગામના નવા પરા તરીકે ઓળખાતા સર્કીટ હાઉસની પાછળના પરા વિસ્તારમાં સાબરમતિ નદીના પટમાં ઝાડીઓમાં ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા પાંચ જુગારીઓને સેકટર-૨૧ પોલીસે ઝડપી પાડયા હતા. પોલીસને જુગારીઓના દાવ પરથી રોકડ રૂ.૪૩૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૪૧૭૦ મળી કુલ રૂ.૪૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓ સામે ગુનો નોંધ્યો છે.

જયારે પેથાપુર પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે આદરજ મોટી ગામે ચાંમુડા પરા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો બાજી માંડીને જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે ત્રણેય જુગારીઓને પકડી પાડી દાવ, અંગજડતી સહિત રૂ.૭,૧૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે વધુ તપાસ હાથ ધરી છે.

આદરજ મોટી ગામથી ઝડપાયેલ જુગારીઓ

- ટીનાજી કાનાજી ઠાકોર (જેઠા ખાંટનો વાસ આદરજ મોટી)
- ભગાજી સવધાનજી ઠાકોર (માસ્તરનુ પરૂ આદરજ મોટી)
- વિક્રમ પ્રહલાદજી ઠાકોર (જેઠા ખાંટનો વાસ આદરજ મોટી)

ડભોડા થી પકડાયેલા જુગારીઓના નામ

- કમલેશજી શકરાજી શનાજી ટાકોર (ઉં.૩૪, રહે, અમીયાપુર ગામ)
- નિકુલ ખોડાજી ઠાકોર (ઉં.૨૪, રહે.અમીયાપુર ગામ)
- રાજુભાઈ રમેશભાઈ ઠાકોર (ઉં.૩૨, મોટેરા સવજી વાસ)
- ધવલ બળદેવજી ઠાકોર (ઉં.૨૭, મોટેરા ફુલજીવાસ)
- રાજેશ અમરસિંહ ઠાકોર (ઉં.૨૫, મોટેરા મહાકાળી વાસ)
- શૈલેષ મહેશભાઈ સોલંકી (ઉં.૨૮, એ-૩ વિજળી સોસાયટી ચાંદખેડા)
- અંકિત ભુપતભાઈ ચૌહાણ (ઉં.૨૭, જી-૩૫ ફુલસ્ટોપ સોસાયટી)
- ગોવિંદ સવજીભાઈ વણઝારા (ઉં.૩૩ આશ્રમ ચોકડીની બાજુમાં મોટેરા)
- કનુજી આતાજી સોલંકી (ઉં.૩૫ રહે. બુટાકીયા ગામ ડભોડા)

બોરીજ થી પકડાયેલા જુગારી

- રમણજી ગુલાબજી પેમાજી વણઝારા
- પ્રવિણજી ગુલાબજી પેમાજી વણઝારા
- રામાજી કાનાજી પ્રભુજી વણઝારા
- નવઘણ ચેલાજી મોહનજી ઠાકોર
- સત્યેન્દ્રકુમાર રામ જમનારામ રામ (તમામ રહે. બોરીજ નવા પરા)

ખૂણેખાંચરેથી

- આજે જિલ્લા પંચાયતની મહિલા-બાળ વિકાસ શાખાની સમિતિની બેઠક મળશે.
- સમર્પણ કોલેજમાં બી.કોમ.ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ ઉજવાયો.
- નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દસ સરકારી પ્રા. શાળાને વૈજ્ઞાનિક રમકડાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સબાલપુરા પ્રા. શાળાના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.
- ગાંધીનગરના ડભોડામાં મેઈન રોડથી મંદિર તરફ જતા માર્ગનું સી.સી. રોડના કામનું ધારાસભ્ય શંભુજી ઠાકોર અને આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન ઠાકોર દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.
- મનપા સ્થાયી સમિતિના ચેરમેન વિદેશથી પરત ફર્યા છે અને તેમણે મનપામાં કામગીરી પણ આરંભી દીધી છે.
- દહેગામ તાલુકામાં આપ આદમી પાર્ટીનો પ્રભાવ વધી રહ્યો છે ૧૦૦થી વધુ યુવાઓ જોડાયા.
- આજે ફ્રેન્ડશીપ ડે ની સોશ્યલ મિડિયામાં ઉજવણી પણ ખૂબ છવાયેલી રહી હતી તો શોપીંગમાં ફ્રેન્ડશીપ બેલ્ટની ખરીદી પણ વ્યાપક થઈ.
- ઓલ ઈન્ડિયા પાવર એન્જીનીયર્સ ફેડરેશને આજે આખો દિવસ ધરણા અને વિરોધ કરી કામથી અળગા રહેવાનું એલાન આપ્યું છે.
- કલોલમાં બે કેસ ઝેરી મેલેરિયાના નોંધાતા આરોગ્યતંત્ર દોડતુ થયુ છે. જિલ્લામાં આ વખતે મેલેરિયાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યાએ ફરી માથુ ઉંચક્યુ છે તો શહેરના આંતરિક માર્ગોની આસપાસ વરસાદી પાણી ભરાઈ રહેતા ગંદકીનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોબા રાજધાની હોટલ સામેથી રૂ.૧૦ લાખથી વધુની ૧૬૪ પાઈપની ચોરી

ડકટાઈનની ૧૮ ફુટ લાંબી પાઈપો ટીપી ૧,૨, અને ૩ વિસ્તારમાં પાણીની લાઈનની હતી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-કોબા હાઈ-વે રોડ અને સર્વિસ રોડની વચ્ચે રાજધાની હોટલ નજીક મુકવામાં આવેલી ખાનગી કંપનીની રૂ.૧૦ લાખથી વધુની કિંમતની ડકટાઈનની ૧૮ ફુટ લાંબી ૧૬૪ પાઈપની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. કોબા પાસે ટીપી ૧,૨, અને ૩ માં પાણીની લાઈન નાંખવાનું કામ ચાલુ હોવાથી પેટ્રોલ પંપ નજીક પાઈપો મુકવામાં આવી હતી. જયારે લાખો રૂપીયાની પાઈપો ચોરાઈ જતા ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હાલના સમયે ન્યું ગાંધીનગર કોબા વિસ્તારમાં ગુડા દ્વારા ટીપી ૧,૨ અને ૩ માં પાણીની પાઈપ નાંખવાનો પ્રોજેકટ કાર્યરત છે. પાણીની લાઈનના આ પ્રોજેકટ માટે કોબા-ગાંધીનગર માર્ગ પર રાજધાની હોટલ નજીકથી ૧૮ ફુટ લાંબી પાઈપનો જથ્થો મુકવામાં આવ્યો હતો. ગાંધીનગર-કોબા માર્ગ સીસીટીવી કેમેરાથી સજ્જ અને વાહનોથી ધમધમતો હોવા છતા તોતિંગ ડકટાઈન આર્યનની પાઈપોની ચોરી થતા કંપનીના અધિકારી-કર્મચારીઓ દોડતા થઈ ગયા છે. ત્યારે અમદાવાદમાં રહેતા પ્રવિણભાઈ પટેલ ભાગીદારીમાં પી દાસ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા લિ નામની કંપની ચલાવે છે. જેમાં ચાર ભાગીદાર છે. રાજય સરકાર દ્વારા ટેન્ડર પ્રક્રિયા થકી પી દાસ કંપનીને નવી પાઈપ લાઈન નાંખવાનો કોન્ટ્રાકટ મળતા કંપની દ્વારા ટીપી વિસ્તારમાં પાણીની પાઈપ નાંખવાનું પુરજોશમાં ચાલુ હતું. ગતરોજ તા.૬ ઓગસ્ટના રોજ સવારના આશરે નવ વાગ્યાના સમયમાં કંપનીના એન્જીનિયર રવિન્દ્ર યાદવે ફોન કરીને પ્રવિણભાઈને કહ્યું હતું કે ટીપી વિસ્તારમાં પાણી પ્રોજેકટની પાઈપો રાજધાની હોટલ કોબા પાસેથી ચોરી થઈ ગઈ છે. ડકટાઈન આર્યનની ૧૮ ફુટ લાંબી અને રૂ.૬ હજારથી વધુની કિંમતની એક પાઈપ તેવી કુલ ૧૬૪ પાઈપની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. કંપનીના કર્મચારીઓએ આસપાસના વિસ્તારમાં પાઈપો અંગે શોધખોળ આદરી હતી. પંરતુ પાઈપની ક્યાંય પણ ભાળ મળી ન હતી. આખરે કંપનીના ભાગીદારને પાઈપ ચોરી અંગે જાણ કરીને ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ વાડીલાલ આઈસ્ક્રીમ પ્લાન્ટની મુલાકાતે

ગાંધીનગર, તા. ૭

બી.પી. કોલેજ ઓફ બિજનેસ એડમિની સ્ટ્રેશન (બીબીએ) દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગિક મુલાકાત માટે ગુજરાતની પ્રતિષ્ઠિત આઈસક્રીમ કંપની વાડીલાલના પ્લાન્ટની ઔદ્યોગિક મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ ખાલી પુસ્તકીયું જ્ઞાન મેળવે તો સમાજ અને ઉદ્યોગ જગત તેનાથી લાભાન્વિત બની શકે નહી ત્યારે બીબીએ કોલેજ દ્વારા સાંપ્રત સમયની માંગને અનુલક્ષીને વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રિયલ વિઝિટ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મુલાકાત દરમ્યાન ૮૭ વિદ્યાર્થીઓને બે ટિમમાં ૪૪ તેમજ ૪૩ની સંખ્યામાં વહેંચી દેવામાં આવ્યા તેમજ બીજી મુલાકાતમાં ૭૨ વિદ્યાર્થીઓને ૩૬-૩૬ વિદ્યાર્થીઓની ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઓપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કંપની દ્વારા તમમ પ્રોડક્ટની ગુણવત્તા જાળવવા લેવામાં આવતા પગલા બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે સ્વચ્છતા બાબતે લેવાતા પગલાઓની માહિતી આપવામાં આવી હતી. આ વિઝિટને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ દ્વારા ખુબજ સુંદર સહકાર આપવામાં આવ્યો હતો. કંપનીના અધિકારી ગિરીશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ફાઈનાન્સ, ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા હતા. જેમાં કંપનીના અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટના વિવિધ પાસાઓથી વાકેફ કર્યા હતા.

શહેરમાં તિરંગાને સલામી સાથે યોજાઈ પુસ્તક પરબ

વાચકો ઉમળકાથી જોડાયાં અને કુલ ૪૯૭ પુસ્તક - સામયિકોનું આદાન પ્રદાન થયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે યોજાતી એવી ઓગસ્ટ માસની આજની પુસ્તક પરબમાં પુસ્તકો અને સામયિકો મળી કુલ - ૪૯૭ નું આદાન પ્રદાન થયું હતું. આજે વડીલો, ડોક્ટર્સ, વકીલ, શિક્ષકો, ગૃહિણીઓ, યુવાઓ અને બાળકોએ ઉમળકાથી પુસ્તક પરબની મુલાકાત લીધી હતી અને

મુલાકાતીઓએ પોતાની પસંદના પુસ્તકો મેળવ્યા હતા. આ વખતે પુસ્તક પરબમાં આગામી ૧૫ ઓગસ્ટ અને આઝાદીના અમૃત મહોત્સવને અનુલક્ષી રાષ્ટ્રધ્વજને સહુએ શાનથી સલામી આપી હતી.

માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં આ પરબ શિષ્ટ સાહિત્યના પ્રસાર, માતૃભાષાના ગૌરવ હેતુથી ચલાવવામાં આવે છે. આજની પુસ્તક પરબમાં રોહિણીબહેન પરમાર, રણછોડભાઈ પરમાર, પ્રજ્ઞાબેન પટેલ, અજય ઉપાધ્યાય, ગજેન્દ્રસિંહ વાઘેલા, એન.પી. થાનકી, સંજય થોરાત, તરુણભાઈ, ધાર્મિકભાઈ, મહેન્દ્ર ચૌહાણ, ડૉ. કાંતિભાઈ પટેલ, હિરેનભાઈ, સમીર શાહ વગેરેએ સહયોગ આપ્યો હતો. આજની પુસ્તક પરબમાં ૧૧૭ પુસ્તકો અને ૯૨ સામયિકો મળી કુલ ૨૦૯ ની આવક તથા ૨૪૪ પુસ્તકો અને ૪૦ સામયિકો મળી કુલ ૨૮૮ની જાવક થઈ હતી. આશરે ૧૫૦ જેટલા મુલાકાતીઓએ પરબની મુલાકાત લીધી હતી.

શહેરમાં અવનવી કેક ડિઝાઈન અને ફ્લેવરની કેક શીખવાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૭

કોરોના કાળમાં લોકડાઉન દરમિયાન આપણે જોયું હતું કે મોટા ભાગની મહિલાઓ ઘરે કેક બનાવી એના ફોટો સોશિયલ મીડિયા પર અપલોડ કરતી હતી. ગાંધીનગર સરગાસણ ખાતે રહેતા રિદ્ધિ રૂપિન શાહ પણ એ પૈકી એક હતા. પરંતુ તેઓ માત્ર એકાદ બે કેક બનાવી અટકી ન રહેતા એમણે એ શોખને પેશન બનાવી દીધુ. અનલોક થયા બાદ તેઓ પોતાના ખર્ચે મુંબઈ અને પૂના જઈને એની ઓફિશિયલ ટ્રેનિંગ લઈ આવ્યા હતા. કેકની ટ્રેનિંગ લીધા બાદ ઘર, પરિવાર અને મિત્રો માટે એમણે અવનવી ડિઝાઈન અને ફ્લેવરની કેક બનાવવાની શરૂઆત કરી દીધી. આ દરમિયાન એમના ધ્યાનમાં આવ્યું કે જો જરૂરીયાતમંદ મહિલાઓને આ કલા શીખવવામાં આવે તો તેઓ આત્મનિર્ભર બની શકે છે. એમણે આ વિચાર અમલમાં મુકી ગાંધીનગરની મહિલાઓને કેક શીખવવાના વર્કશોપનું

આયોજન કર્યુ હતુ. ગયા શનિવાર રવિવારે રિદ્ધિ શાહ દ્વારા બે દિવસના વર્કશોપનું આયોજન કર્યુ અને મહિલાઓને કેક બનાવવાની ટ્રેનિંગ આપી હતી. જાતે કેક બનાવી એમને ડેમોન્સ્ટ્રેસન આપ્યુ અને એમને પણ કેક બનાવી હતી. આ વર્કશોપના સમાપન પ્રસંગે પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાત ખાસ હાજર રહ્યા હતા અને એમણે સૌનો ઉત્સાહ વધાર્યો હતો. વર્કશોપમાં ભાગ લેનાર મહિલાઓના હસ્તે જ એમણે બનાવેલી કેકનું કટિંગ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપને સફળ બનાવવા રૂપિન શાહે યોગદાન આપ્યું હતું. રિદ્ધિ શાહ દ્વારા અવારનવાર કેક બનાવવાના વર્કશોપનું આયોજન કરવામાં આવે છે.

ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા દરેક ઘરે ત્રિરંગા અભિયાન માટે જનજાગૃત્તિ રેલી

ગાંધીનગર, તા. ૭

ગ્રામ્ય વ્યવસ્થાપન અભ્યાસ કેન્દ્ર અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહિવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વતંત્રતાના અમૃત મહોત્સવ અંતર્ગત દરેક ઘરે તિરંગો ઝુંબેશ માટે રાંધેજા ગામમાં સ્વયંસેવકો દ્વારા વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓનું જૂથ કતારબંધ અને દેશભક્તિના ગીતો ગાઈને ગામના મુખ્ય બસસ્ટેન્ડ પર પહોંચ્યુ અને ગ્રામજનોને તેમના ઘરે તિરંગો લગાવવા હૃદયસ્પર્શી અપીલ કરી હતી. દુકાનદારો, ગૃહિણીઓ, શાળાના વિદ્યાર્થીઓ આ રેલી સાથે ગામડાના માર્ગે સ્થળે સ્થળેથી આગળ આવ્યા હતા. ગામની આંગણવાડીના નાના બાળકો પણ આ રેલીનો ભાગ બની પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. ગામની વયોવૃદ્ધ મહિલાઓએ પણ હાથમાં તિરંગો લઈને દરેક ઘર, ઘરે- ઘરે ત્રિરંગો લહેરાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.